# પાલનપુર અંબાજી મંદિરમાં અધિક શ્રાવણ માસની ઉજવણી

પાલનપુર, ૨૧

પાલનપુર બ્રિજેશ્વર કોલોની સ્થિત અંબાજી મંદિર ખાતે વિસ્તારના સ્થાનિક મહિલા મંડળ દ્વારા અધિક શ્રાવણ માસની ભક્તિ ભાવભર ઉજવણી કરવામાં આવી હતી. વિસ્તારની મહિલાઓ દ્વારા મંદિરમાં અધિક શ્રાવણના છેલ્લા દિવસે મંદિરમાં ભવ્ય સમાપન કાર્યક્રમ ઉજવાયો હતો. બહેનોએ જણાવ્યું કે, અમે ૮૦ બહેનો છીએ. અક્ષર પુરુષોત્તમ મહિનો છે. આખો મહિનો ભક્તિ ભાવપૂર્વક ભજન કીર્તન કરી આખા મહિના દરમિયાન ધાર્મિક કાર્યો કર્યા હતાં અંતિમ દિવસે મંદિરમાં જુદી જુદી જુદી ચીજ વસ્તુ ઓનું દાન કરી ઉજવણી કરી છે. મંદિર ના મેદાનમાં ખેતરનું વાવેતર કરી રોજે રોજ તેની પૂજા કરી ભક્તિ ભાવપૂર્વક માહોલ સર્જી દીધો હતો.



# જિલ્લાના ૭ વિધાનસભા વિસ્તારોની માટીના કુંભ દિલ્હી પહોંચશે

## મેરી મીટ્ટી, મેરા દેશ અભિયાન સંપન્ન, પ્રજામાં ઉત્સાહ દેખાયો






બાયડ, તા.૨૧

દેશની આઝાદીના અમૃત મહોત્સવનું સમાપન થયું છે ત્યારે જિલ્લાની તમામ ૭ વિધાનસભા વિસ્તારોમાં મેરી મીટ્ટી, મેરા દેશ અભિયાન સંપન્ન થયું છે અને વહીવટી તંત્ર પાસે આવેલા માટીના કુંભ દિલ્હી મોકલવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના તમામ ૧૪ તાલુકામાં ૭ વિધાનસભા અને ૧ લોકસભા બેઠકને આવરી લઈને માટી કો નમન, વીરોને વંદન, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગામે ગામ ભવ્ય તિરંગા યાત્રા સાથે યોજાયેલા આ કાર્યક્રમના કારણે પ્રજામાં દેશભક્તિનો જુવાળ જોવા મળ્યો. કાર્યક્રમનો હેતુ દેશના નાગરિકોના માતૃભૂમિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવી, વીર શહીદોને વંદના કરવી અને દેશ ભાવના ઉજાગર કરવાનો હતો. દરેક ગ્રામ પંચાયતોને તેમાં આવરી લેવામાં આવી હતી અને હાથમાં માટી અને માટીના દિવા લઈ પંચ પ્રાણ પ્રતિજ્ઞા કરવામાં આવી હતી. જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા, મોડાસા, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજ, તલોદ અને પ્રાંતિજ તાલુકામાં મારી માટી, મારો દેશ કાર્યક્રમોમાં સ્વયંભૂ અનેક લોકો ઉમટી પડ્યા હતા. હવે ૭ વિધાનસભા વિસ્તારોની માટીના કુંભ દિલ્હી પહોંચાડવાનું આયોજન પણ શરુ કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં ૩૧ ઓક્ટોબર સુધી અમૃત વન બનાવવાના આયોજનો પણ થઈ રહ્યાનું જાણવા મળ્યું છે.

# ગણપત યુનિવર્સિટીની સાયન્સ કોલેજ ખાતે ઉજવાયો એક વિશેષ અવસર : 'અંતરીક્ષ-૨૦૨૩'

ગણપત વિદ્યાનગર, તા. ૨૧

ગણપત યુનિવર્સિટીની સાયન્સ કોલેજ - 'મહેસાણા અર્બન, ઈન્સ્ટિટયુય ઓફ સાયન્સે તાજેતરમાં 'અંતરિક્ષ-



૨૦૨૩'નામના એક ઈવેન્ટની ઉજવણી કરી હતી. વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક અને ગુજરાત ગૌરવ સમા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના જન્મોત્સવને પણ આ અવસર સાથે જોડવામાં આવ્યો હતો.

ઉજવણીના પ્રથમ દિવસે "Arduini - Based Circuits" ઉપર એક વર્કશોપ રાખવામાં આવ્યો હતો. આ વર્કશોપ "ISTEM Collective Foundation" ના સુખ્યાત વિદ્વાનો દ્વીરા હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ઉપસ્થિત સૌને નવીન સર્કિટની દુનિયાનો અનુભવ કરાવી અને એથી વિશેષ દષ્ટિ કેળવાય એવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

બીજે દિવસે, "Space Environment on Human And Plants" વિષય પર રાષ્ટ્રીય સ્તરના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈસરો અને વિક્રમ સારાભાઈ સ્પેસ એપ્લિકેશન સેન્ટરના વૈજ્ઞાનિકો રવિન્દ્ર પ્રસાદ અને ડૉ. એમ. રાજાએ નિષ્ણાત તરીકે સેવાઓ આપી હતી.

સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. અમિત પરીખના સક્ષમ માર્ગદર્શન હેઠળ ડૉ. મનાલી શાહ અને હેમલ ખત્રીએ સમગ્ર ઈવેન્ટનું સફળ સંચાલન કર્યું હતું.



# પ્રાંતિજ ખાતે શબરી સંગઠન દ્વારા આવેદનપત્ર અપાયું

## વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યુ : વિધવા પેન્શન, દારૂના અડ્ડા બંધ કરવા, રેશનની દુકાન માંથી અપુરતો મળતો જથ્થો સહિત રજુઆત કરી : પ્રાંતિજ મામલતદાર જૈનિલ શાહને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે શબરી સંગઠન ની મહિલાઓ દ્વારા તેવોની વિવિધ માંગણીઓ સાથે પ્રાંતિજ મામલતદાર ને આવેદનપત્ર આપ્યુ. પ્રાંતિજ સહિત તાલુકામા કાર્યરત શબરી સંગઠન ની મહિલાઓ દ્વારા મોટી સંખ્યામાં ભેગાથઈને તેવોની વિવિધ માંગણીઓ સાથે મામલતદાર કચેરી ખાતે આવી ને પ્રાંતિજ મામલતદાર જૈનિલ શાહને આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી જેમા અન્ન સુરક્ષા ધારા ૨૦૧૩ મુજબ તમામ અગ્રમતા ધરાવતા અને નિરાધાર કુટુંબ ને કાયદા મા જણાવ્યા મુજબ સસ્તુ અનાજ તાત્કાલિક ધોરણે મળવુ જોઈએ , રાજયની તમામ વિધવા ને ૬૦ વર્ષથી ઉપરની મહિલાઓને માસિક રૂપિયા ૨૦૦૦ પેન્શન મળવુ જોઈએ તેમને માટે એપીએલ , બીપીએલ નો નિયમ ના હોવો જોઈએ , દરેક ગામમા તલાટી દ્વારા કેટલી મહિલા વિધવા અને વુધ તથા નિરાધાર છે તેમની યાદી તૈયાર કરી તેમને દરેક ને ૨૦૦૦ નુ પેન્શન આપો , મણીપુર બે મહિલાઓને નિ.વસ્ત્ર કરી આખા ગામમા સરગસ કાઢી તેમના પર અત્યાચાર કરવામા આવ્યો તે બીજીવાર ના થવુ જોઈએ અને જેમને આ કૃત્ય કર્યુ છે તેમને કડકમા કડક સજા થવી જોઈએ , દરેક વિધવા મહિલાઓને મફત મા પ્લોટ ની ફાળવણી કરવામા આવે , મહિલાઓ ભલે કોઈપણ ધર્મ , જાતી, વર્ગ ની હોય એમને તેમની પિતૃક અને સસુરાલ ની જમીન અને સંપતિ મા બરાબર નો અધિકાર હોવો જોઈએ , ખેતીમા લઘુત્તમ વેતન ને બદલે જીવન ધોરણ જીવવા માટે યોગ્ય વેતન ૩૫૦ રૂપિયા મળવુ જોઈએ, વિવિધ ગામમા ચાલતા દેશીદારૂ ના અડ્ડાઓ બંધ કરવા સહિત ની વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર આપીને મૌખિક તથા લેખિત મા આવેદનપત્ર આપીને રજુઆતો કરી જેમા પ્રાંતિજ સહિત તાલુકામાંથી શબરી સંગઠન ની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.





## શ્રાવણ વિશેષ...

# રાજેન્દ્રનગરમાં સૌરાષ્ટ્રના સોમનાથ જ્યોતિર્લિંગની પ્રતિકૃતિ જેવું શિવલીંગ આસ્થાનું કેન્દ્ર...

## ગાયના આંચળમાંથી દૂધની ધારા વહી અને શિવલીંગ પ્રગટ થયાની દંતકથા

બાયડ, તા.૨૧

શિવજીને અતિપ્રિય શ્રાવણ માસની શરુઆત થઈ તે સાથે પ્રાચીન શિવમંદિરોમાં દર્શન માટે શિવભક્તો ઉમટી રહ્યા છે. ત્યારે ખોદકામ કરતાં ચમત્કારીક શિવલીંગ પ્રગટ થયું હતું. અરવલ્લીની લીલીછમ ગીરીકંદરાઓમાં વસેલું સાબરકાંઠાનું છેવાડાનું પુનઃવસવાટનું ગામ એટલે





હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરના સીમાડામાં સૌરાષ્ટ્રના સોમનાથ જ્યોતિર્લિંગની અદલ પ્રતિકૃતિ જેવું શિવલીંગ ભક્તોમાં શ્રાવણ માસ દરમ્યાન આસ્થાનું કેન્દ્ર બન્યું છે. દંતકથા મુજબ જંગલમાં ગાયના આંચળમાંથી આપો આપ દૂધની ધારા વહી અને ત્યાં રાજેન્દ્રનગર આજથી દાયકાઓ અગાઉ આ સ્થળે ગાઢ જંગલ હતું. જેમાં નજીકના રાયગઢ ગામના પશુપાલકો ઢોર ચરાવવા આવતા હતા જેમાં બ્રાહ્મણ પરિવારની કેટલીક ગાયો પણ ચારો ચરવા માટે આવતી હતી. થોડાક દિવસથી આ ગાયો પૈકી એક ગાય દૂધ આપતી ન હોવાથી બ્રાહ્મણને શંકા થઈ કે જંગલમાં ગોવાળ ગાયનું દૂધ દોહી લેતો હશે. શંકાનું સમાધાન કરવા એક દિવસ બ્રાહ્મણ જંગલમાં ગયો જ્યાં સંતાઈને ગાય ઉપર નજર રાખી. સાંજના સમયે એ ગાય ટોળામાંથી છૂટી પડી જ્યાં કંથેરનું મોટું ઝાળું હતું ત્યાં જઈ ઉભી રહી. બ્રાહ્મણના આશ્ચર્ય વચ્ચે ગાયના આંચળમાંથી આપમેળે દૂધની ધારા વટી આ તરફ સંતાઈને આ કૌતૂક જોતો બ્રાહ્મણ આશ્ચર્યમાં મૂકાયો. ગામમાં જઈ આ હકીકત અન્ય લોકોને જણાવી પાછળથી આ સ્થળે શોધખોળ કરી સાફસફાઈ કરવામાં આવતાં વિશાળ કદનું સ્વયંભૂ શિવલીંગ મળી આવ્યું હતું. સમય જતાં શ્રદ્ધાળુઓ દ્વારા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. સૌરાષ્ટ્રના સોમનાથની પ્રતિકૃતિ જેવું શિવલીંગ હોવાથી સોમનાથ મહાદેવ નામ આપવામાં આવ્યું. રાજેન્દ્રનગર ઉપરાંત રાયગઢના શિવભક્તોના પ્રયત્નોથી આજે આ સ્થળે મંદિર સાથે ધર્મશાળાનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. ચારેય તરફ ડુંગરોની હરિયાળી વચ્ચે સ્વયંભૂ સોમનાથ મહાદેવનું મંદિર ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. અમદાવાદ-શામળાજી હાઈવે ઉપર રાજેન્દ્ર ચોકડીથી ડાબી તરફ અંદર જતાં ગામ આવે અને ત્યાર પછી સૌંદર્યથી ભરપૂર વાતાવરણમાં સોમનાથ મહાદેવનું મંદિર આવેલું છે જેમાં અનેક ચમત્કારો તેમજ પૌરાણિક દંતકથાઓ આ મંદિર સાથે જોડાયેલી હોવાથી આખો શ્રાવણ માસ દૂર દૂરથી દર્શનાર્થીઓ આ મંદિરે આવી સૌરાષ્ટ્રના સોમનાથ જ્યોર્તિલીંગની અદ્દલ પ્રતિકૃતિ જેવા શિવલીંગની પૂંજા અર્ચના કરી ધન્યતા અનુભવતા હોય છે.

### રાગયઢના અચલેશ્વર મહાદેવ મંદિરમાં અચલાભિષેક પૂંજા

પવિત્ર શ્રાવણ માસ શરુ થતાં ખ્યાતિ પ્રાપ્ત શિવમંદિરોમાં પૂંજા-અર્ચન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. હિંમતનગર તાલુકાની ગીરીકંદરાઓમાં રાયગઢ ગામે બિરાજમાન અચલેશ્વર મહાદેવ મંદિરમાં પૂર્ણ શ્રાવણ માસ દરમ્યાન રુદ્રી શ્લોકના પઠન સાથે અચલાભિષેક પૂંજા શરુ થઈ છે. શ્રાવણી એકમ થી શ્રાવણી અમાસ સુધી દરરોજ મહાદેવને રીઝવવા ગામ અને સમાજની સુખાકારી માટે ગામના બ્રાહ્મણ પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. રાયગઢના શાસ્ત્રી રામભાઈ પરિવાર દ્વારા સવાર-સાંજ બે વખત જલાભિષેક પૂંજા કરાઈ રહી છે.



# શેઠ શ્રી જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલ, મહિયલના શિક્ષકનો આચાર્ય તરીકે નિમણુક થતા વિદાય સમારંભ યોજાયો

તલોદ, તા. ૨૧

તલોદ તાલુકાના મહિયલ ખાતે આવેલી શેઠ શ્રી જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અંગ્રેજી શિક્ષક તરીકે ફરજ બજાવતા અમિત.બી. ત્રિવેદીની દહેગામ તાલુકાના કૃષ્ણનગર કોઠી હાઈસ્કૂલ ખાતે નિમણૂક થતા શેઠ શ્રી જે.બી.ઉપાધ્યાય હાઈસ્કૂલ, મહિયલ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં આચાર્ય શ્રી ડો. નિલેશભાઈ મહેતા સુપરવાઈઝર શ્રી તરુણભાઈ જોશી તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ અમિતભાઈ ત્રિવેદીને શાલ ઓઢાળી અને શ્રીફળ તથા સુંદર ભેટ આપી ઉષ્માભરી વિદાય આપી હતી . શાળાના વિધાર્થીઓ એ પણ અમિતભાઈ સાહેબને ભેટ આપી રડતા રડતા વિદાય આપી હતી. વિદાય લેતા શિક્ષક શ્રી એ શાળા સંચાલક મંડળ નો, આચાર્ય શ્રી અને સર્વે સ્ટાફ મિત્રો, તથા સર્વે બાળકો નો હૃદયસ્થ આભાર માન્યો હતો.






ડીસામાં રાખડીનુ બજાર ધમધમવા લાગ્યું. પવિત્ર શ્રાવણ માસ શરૂ થતાની સાથે સાથે તહેવારોની વણઝાર શરૂ થવા લાગી છે. ત્યારે રક્ષાબંધનના તહેવારને ગણતરીના દિવસો બાકી રહેતા ડીસા શહેરની બજારોમાં રાખડીઓનો જથ્થો આવી જતા બજારમાં બહેનો પોતાના ભાઈ માટે અવનવી વેરાયટીની રાખડી બાંધવા માટે પસંદ કરે છે અને જે લોકોના ભાઈ બહારગામ રહેતા હોય છે. તેમના માટે રાખડીઓ ટપાલ દ્વારા મોકલવામાં આવતી હોય છે.

# પ્રાંતિજ ખાતે પુણ્યતિથિ નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે કાર્યરત શ્રી પુરુષોત્તમદાસ જેઠાભાઈ સોલંકી સેવા ટ્રસ્ટ ખાતે સ્વ.પુરુષોત્તમદાસ જેઠાભાઈ સોલંકી ની ૪૦ મી પુણ્યતિથિ ને લઈ ને ત્રિવિધ વિશેષ કાર્યક્રમો યોજાયા. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન રોડ ઉપર આવેલ શ્રી લાલાકાકા કન્યા છાત્રાલય ખાતે શ્રી પુરુષોત્તમદાસ જેઠાભાઈ સોલંકી ની ૪૦ મી પુણ્યતિથિ નિમિત્તે ત્રિવિધ વિશેષ કાર્યક્રમો યોજાયા હતા જેમા વ્યાખ્યાન, ગાદલા વિતરણ, રૂમાલ વિતરણ સહિત કાર્યક્રમો યોજાયા હતા તો આ પ્રસંગે પ્રવિણભાઈ સોનેરી , કેજલભાઈ કંસારા, ર્ડા.રસિકભાઈ પરમાર, ભરતભાઈ સોલંકી , પિંકીબેન ગોસ્વામી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તો શ્રી પુરુષોત્તમદાસ જેઠાભાઈ સોલંકી સેવા ટ્રસ્ટ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.







તલોદ મહિલા મોરચા દ્વારા પ્રમુખ રચનાબેનના નિવાસ સ્થાને રક્ષાબંધન પર્વ નિમિત્તે તલોદ તાલુકા શહેર ની મહિલા મોરચાની બહેનો માનનીય મોદી સાહેબ માટે રાખડી બનાવી મોકલાવી. રાખડી બનાવવા માટે સાબરકાંઠા સહસંયોજક અને બાળ વિકાસ ના ચેરમેન રેખાબા ઝાલા, તલોદ તાલુકાના પ્રમુખ માનસીબેન દેસાઈ,તલોદશહેર મહિલા મોરચા ના પ્રમુખ રચનાબેન ગાંધી, તલોદ શહેર મહામંત્રી સુશીલાબેન ,ઉપપ્રમુખ કલ્પનાબેન પૂર્વ કોર્પોરેટર દીપાબેન કુવાડીયા, કલ્પનાબેન શાહ હાજર રહ્યા હતા.